આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઇશ્વરના ચોપડામાં આપણું બોલેલું કે વાંચેલું નહીં પરંતુ આપણું કરેલું નોંધાય છે
- રમેશ ઓઝા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૦ | ૧ એપ્રિલ, ૨૦૧૪, મંગળવાર; ચૈત્ર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● મહારાણીની મુછો નથી હોતી**

રાજસ્થાનના મુખ્યમંત્રી



વસુંધરા રાજે પર કટાક્ષ કરતા ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નેતા જસવંતસિંહે કહ્યું છે કે મહારાણીને મુછો નથી હોતી તેઓ શા માટે બાડમેર બેઠકને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી રહ્યા છે. જસવંતસિંહે બાડમેરથી ટીકીટ માંગી હતી તેમને બાજુ હડસેલી વસુંધરાના આગ્રહને કારણે તેમના માનીતાને ટીકીટ આપી દેવાઈ છે.

**● રાશીદ અલ્વી વારાણસીથી ચૂંટણી લડવા આતુર**

રાજ્યસભાના કોંગ્રેસના



સાંસદ રાશીદ અલ્વી વારાણસીથી ચૂંટણી લડવા આતુર બન્યા છે. તેઓએ કોંગ્રેસ પ્રમુખને પત્ર લખી વિનંતી કરી છે કે પક્ષ તેમને વારાણસીથી મોદી સામે ચૂંટણી જંગમાં ઉતારે ભાજપના વડાપ્રધાન પદના દાવેદાર નરેન્દ્ર મોદી સામે વારાણસીથી આપના વડા કેજરીવાલ લડી રહ્યા છે. અહીંથી કોંગ્રેસના ઉમ્મેદવાર જાહેર કરવાના બાકી છે.

**● મુકુલ ત્રિપાઠીએ 'આપ'ની ટીકીટ પરત કરી**

આમ આદમી પાર્ટીએ



ફરિદાબાદની ટીકીટ મુકુલ ત્રિપાઠીને આપી હતી પરંતુ આજે મુકુલ ત્રિપાઠીએ આ ટીકીટ પરત કરી છે. તેઓએ એવો આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પ્રચાર માટે તેઓને સંગઠનની કોઈ મદદ મળતી નથી. વળી નાણાંની પણ કોઈ મદદ ન મળતા તેઓ હવે ચૂંટણીજંગમાં નહી ઉતરે. વિવિધ કારણોસર 'આપ'ની ટીકીટ પરત કરનાર તેઓ પાચમા નેતા છે.

**● જાગૃતિ પંડ્યાએ રાજકારણને રામ રામ કર્યા**

સ્વ. હરેન પંડ્યાના ધર્મપત્નિ જાગૃતિ પંડ્યાએ સક્રિય



રાજકારણ છોડવાની જાહેરાત કરી છે. જાગૃતિ પંડ્યા ગત વિધાનસભાની ચૂંટણીમાં મણીનગર બેઠક પરથી ચૂંટણી જંગમાં ઉતર્યા હતા. તેઓએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે પરિવર્તન પાર્ટીની ટીકીટ પરથી ચૂંટણી જંગમાં જંપલાવ્યું હતું.

# આવતીકાલથી રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

## ત્રણ ભાષામાં ચૂંટણી અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતની ૨૬ લોકસભા બેઠક માટે બુધવારે ચૂંટણી પ્રક્રિયાનો વિધિવત્ આરંભ થશે. આ માટેની સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે. આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલ તૈયારીઓની પૂર્ણતા અંગે આખરી વિડીયો કોન્ફરન્સ કરશે.

ચૂંટણીની વિધિવત્ ઘોષણા અંગેનું જાહેરનામુ ત્રણ ભાષામાં જારી કરવામાંઆવશે. આ જાહેરનામુપ્રસિદ્ધ કરવા માટે ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૨૫થી પણ વધુ કચેરીઓની પસંદગી કરવામાં આવી છે.

ગુજરાતમાં સાતમા તબક્કામાં લોકસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આ ચૂંટણીની તમામ તૈયારીઓ તંત્ર દ્વારા સંપન્ન કરી દેવામાં આવી છે. આ ચૂંટણીઓ નિષ્પક્ષ અને ન્યાયીક વાતાવરણમાં યોજવા માટે પંચે જુદા જુદા ત્રણ પ્રકારના ઓબ્ઝર્વરની પણ નિમણુંકો કરી છે અને તેઓ એકાદ બે દિવસમાં જ રાજ્યનાં વિવિધ જિલ્લાઓમાં પહોંચી તેમની જવાબદારી સંભાળી લેશે.

જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ આ લોકસભાની ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ઉમેદવારી પત્રો નવમી એપ્રિલ સુધી ભરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૧૦મી એપ્રિલે હાથ ધરવામાં આવશે.

ઉમેદવારે ઉમેદવારીપત્ર સાથે એફિડેવિટ પણ રજુ કરવાની રહેશે. લોકસભાની આ ચૂંટણીમાં પંચે ઉમેદવારોના ખર્ચની મર્યાદા વધારીને રૂ. ૭૦ લાખ કરી છે. ઉમેદવારે ઉમેદવારી બાદ દર સપ્તાહે તેના હિસાબો રજુ કરવાના રહેશે. તેમજ ઉમેદવારે રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતુ પણ ખોલાવવાનું રહેશે. રૂ. ૨૦હજારથી ઉપરના તમામ ચુકવણા ચેકથી કરવાના રહેશે.

ચૂંટણી પંચ દ્વારા ખર્ચ નિયંત્રણ માટે ઈન્કમટેક્ષ તેમજ આઈ.આર.એસ.ના ચુનંદા અધિકારીઓની નિમણુંક કરી છે. ગાંધીનગર માટે ખર્ચ નિયંત્રણ અંગે બે નિરીક્ષકો તેમજ એક જનરલ ઓબ્ઝર્વર અને એક પોલીસ નિરીક્ષકની નિયુક્તી કરી છે. રાજ્યમાં આચાર સંહિતા ભંગની અત્યાર સુધીમાં ૧૧૦થી વધુ ફરિયાદો નોંધાઈ ચુકી છે. જો કે મોટાભાગના ફરિયાદોનો નિકાલ થઈ ગયો છે જ્યારે ૪ જેટલી ફરિયાદોમાં પોલીસે એફ.આઈ.આર. નોંધી છે.



ગુલમહોર - ગરમાળો અને ગ્રીષમ - ગાંધીનગર સાથે ગરમાળો અને ગુલમહોરનો નાતો વર્ષોથી રહ્યો છે... સાથે સાથે ગ્રીષ્માં જ્યારે ગુલમહોર અને ગરમાળો ખીલી ઉઠે છે ત્યારે ગાંધીનગરના રાજમાર્ગોની બંને તરફ ગરમાળાની શીંગ અને ગુલમહોરના લાલ ચટાક ફુલો દશ્યમાન થાય છે... ગરમાળાની શીંગો દાદીમાના ઔષધ તરીકે ખાસ પરંપરાગત રીતે વપરાય છે.... *(તસવીર : દિપક જાની)*

# ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં રાજ્યમાં પ્રથમવાર વીવીપેટનો ઉપયોગ કરાશે

## વીવીપેટ મશીનના માધ્યમથી મતદાતા પોતે કોને મત આપ્યો છે તે જોઈ શકશે : દેશમાં પ્રથમ વખત આ વર્ષે સાત સંસદીય મત વિસ્તારોમાં પ્રયોગાત્મક અમલ કરાશે

ગાંધીનગર, તા.૩૧

ભારતના ચૂંટણી પંચ દ્વારા મુક્ત, ન્યાયી, નિષ્પક્ષ ચૂંટણીઓ યોજાય, મતદાતાઓ પોતાના મતનો સુચારૂ ઉપયોગ કરી શકે તે માટે વિશેષ કાળજી, તકેદારીથી ચૂંટણી -ક્રિયા સંપન્ન કરવામાં આવે છે. સમય- જરૂરિયાત અનુસાર આધુનિક પધ્ધતિઓ અમલમાં મુકવામાં આવે છે.

લોકસભા ચૂંટણીઓમાં આ વખતે ભારતના ચૂંટણી પંચ દ્વારા પારદર્શિતા - વિશ્વસનિયતાના મહત્વપૂર્ણ ઉપયોગી આશયથી -થમ વખત એક નવી પધ્ધતિ અપનાવવામાં આવનાર છે. ગાંધીનગર ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને યોજાયેલી ચૂંટણીલક્ષી સમિક્ષા બેઠકમાં આ અંગેની માહીતી આપવામાં આવી હતી. ચૂંટણી કામગીરી સાથે જોડાયેલા નોડલ અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધીકારીઓ વગેરેને શ્રી સ્વરૂપે વીવીપેટ અંગેની જાણકારી આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા દેશમાં -થમ વખત આ વર્ષે ભારતના ૭ સંસદીય મતવિસ્તારમાં વીવીપેટ-વોટર વેરિફિએબલ પેપર ઓડિટ ટ્રેઈલનો ઉપયોગ કરાનાર છે. આ સાત સંસદીય મત વિસ્તારો - ૧, બેંગલોર સાઉથ (કર્ણાટક) ૨, ચેન્નાઈ સેન્ટ્રલ (તામિલનાડુ), ૩, પટના સાહેબ (બિહાર) ૪, રાયપુર (છત્તીસગઢ) ૫, લખનૌ (ઉત્તર -દેશ) ૬, જાદવપુર (પશ્ચિમ બંગાળ) અને ગાંધીનગર (ગુજરાત) છે. આ એક એવી સિસ્ટમ-આધુનિક સાધન છે જેમાં

● અનુસંધાન પાન-૭ પર

# ધંધુકાના પૂર્વ ધારાસભ્ય રણછોડ મેર કોંગ્રેસમાં જોડાયા

ગાંધીનગર, તા. ૩૧

લોકસભાની ચૂંટણીઓ જાહેર થઈ ચૂકી છે ત્યારે ટીકીટોને લઈને નારાજ આગેવાનો અને કાર્યકરોનો એક બીજા પક્ષમાં આવન-જાવનનો સીલસીલો વેગ પકડી રહ્યો છે. કોઈ એક પક્ષ છોડીને બીજા પક્ષમાં જોડાય છે તો કોઈ આવે છે.

લોકસભા ચૂંટણીઓ જાહેર થાય તે પૂર્વેજ કોંગ્રેસના ૯ જેટલા ધારાસભ્યોએ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. આ ઉપરાંત ગુજરાત પરિવર્તન પાર્ટીને આખી પાર્ટીનું ભાજપમાં વિલીનીકરણ કરવામાં આવ્યું છે.

આજે ધંધુકાના પૂર્વ ધારાસભ્ય રણછોડ મેર કોંગ્રેસમાં જોડાયા હતા. તો જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકા પ્રમુખ નવલસિંહ ભાજપમાં જોડાયા હતા. આ ઉપરાંત ખેડાના રબારી સેલના અધ્યક્ષ સહીત ૫૦૦ જેટલા કાર્યકરોએ પણ કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયા હતા.

લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં ૨જી એપ્રીલથી ઉમેદવાર પત્રો ભરવાની શરૂઆત થવાની છે અને ૩૦મી એપ્રિલે મતદાન યોજાનાર છે ત્યારે હજુ પણ ભાજપ અને કોંગ્રેસ પક્ષમાંથી નારાજ આગેવાનો અને કાર્યકરોની આયારામ ગયારામની જેમ આવનજાવનનો દોર ચાલુ રહે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ નવસારી લોકસભા બેઠક પર કોંગ્રેસે જાહેર કરેલા ઉમેદવારા સામે સ્થાનિક કોંગ્રેસ કાર્યકરોમાં વિરોધ ઉઠવા પામ્યો છે. અને જો આ મામલો થાળે પાડવામાં નહી આવે તો આગામી દિવસોમાં નવસારી જિલ્લાના નારાજ કોંગ્રેસ કાર્યકરો કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાય તેવી શક્યાઓ સેવાઈ રહી છે.



૩૧મી માર્ચ ઈફેક્ટ - નાણાંકીય વર્ષના અંતિમ દિવસે આવકવેરા કચેરીમાં આવકવેરો ભરવા કરદાતાઓએ લાઈન લગાવી હતી. ગુજરાત આવકવેરો ભરવામાં અગ્રેસર છે... અને ગાંધીનગર જેવા સુશિક્ષિત નગરના નાગરિકો નિયમબદ્ધ નાણાંકીય વર્ષના અંતિમ દિવસે આવકવેરો ભરતા નજરે પડે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ચૈત્રી નવરાત્રીનો શુભારંભ

અમદાવાદ, તા.૩૧

કરોડો શ્રદ્ધાળુઓ માટે પાવન પર્વ તરીકે ગણાતા ચૈત્રી નવરાત્રીની આજથી શરૂઆત થઈ હતી. ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયા બાદ માતાજીના મંદિરમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી હતી. સવારથી જ શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડ્યા હતા. જગત જનની મા આરાસુર ગબ્બરના ગોખવાળી, આદ્યશક્તિ મંદિરમાં વિશેષ પ્રકારની સજાવટ કરવામાં આવી હતી. અમદાવાદમાં ભદ્રકાળી મંદિરમાં પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. નવરાત્રીના પાવન અવસરે દર્શનાર્થી માતાને શ્રીફળ અને શોળશણગાર સજાવીને માતાજીને ખુશ કરવામાં આવે છે.

## મુખ્ય સચિવને ત્રણ મહિનાનું એક્ષટેન્શન આપવાની દરખાસ્તને ચૂંટણી પંચની મંજુરી

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના મુખ્ય સચિવ વરેશ સિન્હાને નિવૃત્તી બાદ ત્રણ મહિના માટે એક્ષટેન્શન આપવાની દરખાસ્તને ચૂંટણી પંચ દ્વારા મંજુરી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના મુખ્ય સચિવ વરેશ સિન્હા આગામી ૩૧મી એપ્રિલ-૨૦૧૪ના રોજ વયનિવૃત્ત થઈ રહ્યાછે. હાલમાં રાજ્યમાં ચૂંટણી આચારસંહિતા અમલી છે. આથી રાજ્ય સરકાર દ્વારા મુખ્ય સચિવને ત્રણ મહિના માટે એક્ષટેન્શન આપવા માટેની એક દરખાસ્ત ચૂંટણી પંચની મંજુરી અર્થે રજૂ કરવામાં આવી હતી.

ચૂંટણી પંચ દ્વારા આ દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવતા રાજ્યના મુખ્ય સચિવને એક્ષટેન્શન આપવા માટેના હુકમો હવે ટુંક સમયમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ માર્ગ અને મકાન વિભાગના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા એસ.એસ. રાઠોર આજે વયનિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે વય નિવૃત્તિના દિવસે રાજ્ય સરકારે તેમને અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી આપી છે.

# આજે પ્રિયંકા ચોપ્રા અને પરિણીતા ચોપ્રા પરેશ રાવલનાં પ્રચાર માટે ગાંધીનગરમાં

ગાંધીનગર, તા.૧

ગુજરાતનાં મુખ્યમંત્રીએ જયારે અમદાવાદ પૂર્વ માટે બોલીવુડનાં કલાકાર પરેશ રાવલને ટીકીટ ફાળવી ત્યારથી જ લાગતું હતું કે પ્રચાર માટે બોલીવુડના સ્ટાર ઉતરી પડશે. આજે ગાંધીનગર ખાતે પ્રિયંકા ચોપ્રા અને પરિણીતા ચોપ્રા આવી રહી છે. સે-૨૫માં આવેલી હોટલ કેમ્બે ખાતે તેઓ રોકાવાનાં છે. રૂપાલના વરદાયી માતાનાં દર્શને જઈ તેઓ પરેશ રાવલ અને લાલકૃષ્ણ અડવાણીનાં પ્રચાર અર્થે ગાંધીનગર શહેરમાં ખુલ્લી જીપમાં ફરશે.



બપોરે તેઓ ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટમાં એમનાં ચાહકોને મળવાનાં છે. પ્રિયંકા અને પરિણીતા બંનેને ગાંધીનગર શહેર અને અક્ષરધામ વિશેષ ગમે છે. તેઓ આજે ગુજરાતી જમણ જમવાનાં છે. ઈન્ફોસીટી ખાતે તેઓ એમનાં ચાહકોને ઓટોગ્રાફ આપશે અને સાથે ફોટા પણ પડાવશે. પ્રિયંકા અને પરિણિતાનાં ગાંધીનગર રોકાણનાં ન્યુઝથી યુવા વર્ગ અત્યંત રોમાચંત થઈ ઉઠયો છે.

વ્યવસ્થાના ભાગ રૂપે અને ભીડથી બચવાં માટે આ બંને હિરોઈનને મળવા માટે આમંત્રણ કાર્ડની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જે કોઈ ચાહકો બ્યુટી કિવન પ્રિયંકા અને પરિણીતાને મળવા માંગતા હોય તેમણે આજે સવારે ૧૧ થી ૧૨ વચ્ચે ગાંધીનગર સમાચાર ઓફિસ ખાતેથી આમંત્રણ કાર્ડ મેળવી લેવાં જણાવાયું છે. ખુબ મર્યાદીત કાર્ડ આપવાનાં હોવાથી વહેલા તે પહેલાં ધોરણે અને એક વ્યકિતને એક જ કાર્ડ આપવામાં આવશે.

**'ગાંધીનગર સમાચાર' કાર્યાલય પરથી આમંત્રણ કાર્ડ અપાશે**

પ્રિયંકા અને પરિણીતા બાદ આવનારાં દિવસોમાં અનુપમ ખેર, તારક મહેતાની પુરી ટીમ, અક્ષયકુમાર, માધુરી દિક્ષીત અને જુહી ચાવલા પણ આવશે એવી માહિતી મળી છે.

## રાજુલામાં સિંહણનો આંતક : એકનું મોત

અમદાવાદ, તા.૩૧

અમરેલીના રાજુલામાં સિંહણે આંતક મચાવ્યો છે, જેમાં સિંહણ એક વ્યક્તિનેન ફાડી ખાધી હતી. તો બીજા એક વ્યક્તિ ગંભીરરૂપથી ઘાયલ થયા હતા. સુત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગત અનુસાર, રાજુલાના ધારેશ્વરમાં રાત્રી દરમ્યાન ખેતરમાં કામ કરી રહેલા ખેડૂતો પર સિંહણ એકાએક ત્રાટકી હતી, ત્યારે બે ખેડૂતો પોતાનો જીવ બચાવવા માટે ઝાડ પર ચડી ગયા હતા, જ્યારે એક વ્યક્તિને સિંહણે ફાડી ખાધી હતી


